૭૦૧/૧,૪૫૦

## બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા
## સત્સંગ શિક્ષણ પરીક્ષા
# સત્સંગ પ્રાજ્ઞ : પ્રથમ ખંડ
## પ્રશ્નપત્ર - ૧

સવારે ૯ થી ૧૨ ]  રવિવાર, ૨૦ જુલાઈ, ૨૦૦૩  કુલ ગુણ : ૧૦૦

**નોંધ : જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.**

**('વચનામૃત'ના આધારે)**

**પ્ર. ૧. (અ) નીચેનામાંથી કોઈપણ ત્રણ સૈદ્ધાંતિક વાક્ય, દૃષ્ટાંત કે વિષય પર મુદ્દાસર નોંધ લખો.** ૨૧

૧. શ્રીહરિના મતે સત્પુરુષના ગુણ મુમુક્ષુમાં કઈ સમજણે આવે ?

૨. *या निशा सर्वभूतानां तस्यां जाग्रति संयमी ।*
*यस्यां जाग्रति भूतानि सा निशा पश्य तो मुने: ।।*

૩. પંચામૃત ભોજનમાં ધૂળનું દૃષ્ટાંત અને સિદ્ધાંત.

૪. બાહ્યદૃષ્ટિવાળાને શ્રીહરિએ આપેલી ચાર ઉપાધિ.

૫. પંચાળા-૩ પ્રમાણે ભગવાનમાં પ્રીતિ કરવાની રીત.

**(બ) નીચેનાં અવતરણોની પૂર્તિ કરો અને વચનામૃતનો ક્રમાંક ટાંકો.** ૧૫

૧. આત્મનિષ્ઠા તો હોય ........................ ભક્ત નથી પામતો.

૨. સત્સંગ થયા મોર ...................... એમાંથી ઝાઝું ભૂંડું થાય.

૩. જેને સત્સંગ થયો છે ..................... કરીને રહે છે.

૪. જેમ ભૂંડાને યોગે ...................... ઉત્તમ થાય છે.

૫. જ્ઞાન, ભક્તિ, વૈરાગ્યાદિક .................. અતિ મોટા જણાય.

**(ક) નીચેનામાંથી કોઈપણ એક વિષય ઉપર અભ્યાસક્રમના 'વચનામૃત'નો ક્રમાંક નોંધી બે અવતરણો લખો.** ૪

૧. ભગવાનનું સ્વરૂપ

૨. ભક્ત

**('સ્વામીની વાતો'ના આધારે)**

**પ્ર. ૨. (અ) નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં આપો.** ૫

૧. શા માટે સત્સંગ જાળવવો બહુ કઠણ છે ?



૨. મૂર્તિ તો છે પણ મંદિર વિના પધરાવશો ક્યાં ? - અર્થ લખો.

૩. જીવ કેવી રીતે વર્તે તો બ્રહ્મરૂપ થાય ?

૪. મોટા સાધુની સમજણમાં શું છે ?

૫. હેમગોપાળની ઝાડી ને ઠેકાણે શું છે ?

**(બ) કૌંસમાં આપેલા વિકલ્પોમાંથી સાચો જવાબ શોધી ખાલી જગા પૂરો.** ૫

૧. અંતરમાં ટાઢું જોઈ ..................... રાજી થાય.
(સત્પુરુષ, મોટા સાધુ, મોટા સંત)

૨. ..................... થયા વિના મહારાજની સેવામાં રહેવાય નહિ.
(ઉત્તમ ભક્ત, એકાંતિક, બ્રહ્મરૂપ)

૩. ગુણાતીતાનંદ સ્વામીએ ચંપાનું ત્રીજું ફૂલ લઈને ..................... ને આપ્યું.
(અખંડાનંદ બ્રહ્મચારી, રઘુવીરજી મહારાજ, અચિંત્યાનંદ બ્રહ્મચારી)

૪. આ વચનામૃત વાંચતા એમ જણાણું જે ............... સુધી એમ કર્યા વિના છૂટકો જ નથી. (અનંત કોટી, કોટિકલ્પ, કોટિ વર્ષ)

૫. અનંત કલ્પ સુધી ............ દુ:ખ ભોગવશે. (નિરાકારવાદી, દ્રોહી, વિમુખ)

**(ક) નીચેનામાંથી કોઈપણ એક વિષય પર વિસ્તૃત નોંધ લખો** ૧૦

૧. મુક્તાનંદ સ્વામીની મોટપ

૨. નિજાત્માનં બ્રહ્મરૂપં દેહત્રયવિલક્ષણમ્
વિભાવ્ય તેન કર્તવ્યા ભક્તિ કૃષ્ણસ્ય સર્વદા.

૩. અર્થં સાધયામિ વા દેહ પાતયામિ.

**('બ્રહ્મસ્વરૂપ પ્રાગજી ભક્ત' વિસ્તૃત જીવન ચરિત્રના આધારે)**

**પ્ર. ૩. (અ) નીચેનામાંથી કોઈપણ એક વિષય પર નિબંધ લખો.** ૨૦

૧. ભગતજીનું ઐશ્વર્ય અને પ્રતાપ

૨. શિષ્યો પર ભગતજીનો પ્રભાવ

૩. ગઢડા જળજીલણીના સમૈયે ભગતજીની જ્ઞાનવાર્તા.

**(બ) નીચેનામાંથી કોઈપણ બે વિષય પર નોંધ લખો.** ૨૦

૧. ભગતજી અને રાવ સાહેબ. (વડોદરા)

૨. ભગવાનના ટંડેલ ભગતજી

૩. ગિરધરભાઈમાંથી સ્વામી વિજ્ઞાનદાસ

૪. ભગતજી મહારાજના પત્રો

✿ ✿ ✿